જમ્મુ-કાશ્મીરમાં પુરહોનારતના અસરગ્રસ્તોને મદદ કરવા માટે વિવિધ સંસ્થાઓ, મંડળો અને દાતાઓ દ્વારા સહાયનો ધોધ વધી રહ્યો છે. ત્યારે ડીસામાં આર.એસ.એસ.ના કાર્યકરોએ પણ ફાળો ઉઘરાવી કાશ્મીરના અસરગ્રસ્ત પિડીતોને સહાય કરવાનું બીડું ઝડપ્યું છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં સર્વ રોગ નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયમાં સર્વ રોગ નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો હતો. મોડાસાના નિષ્ણાંત સેવાભાવી તબીબોની ટીમ ધ્વારા સર્વ રોગ નિદાન કેમ્પમાં ૪૪૦થી વધુ દર્દીઓની લાભ લીધો હતો.સર્વ રોગ નિદાન કેમ્પ સફળ બનાવવા ડૉ.મુકેશભાઈ પટેલ, ડૉ.અશ્વિનભાઈ પટેલ સહિત વિવિધ તબીબોએ જહેમત ઉઠાવી હતી.

મોડાસા બે વર્ષ પહેલા ૩ કરોડના કોપર વાયર ભરેલ કન્ટેનરની ચોરીનો ભેદ ઉકેલાયો

મોડાસા, તા.૧૮

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેરમાં આજ થી બે વર્ષ પહેલા મોડાસા બાયપાસ રોડ ઉપર થી ૩ કરોડ રુપીયાના કોપર ના વાયર અને ટ્રક ની ૯ જેટલા લકો એ મળી ને ઉઠાંતરી કરી હતી જેની અરવલ્લી જીલ્લા ની એલ.સી બી.પોલીસ રેન્જ ડી.આઈ.જી.પી રાજીવ રંજન ભગત સાહેબ અને જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ની સુચના થી તપાસ હાથ ધરી હતી અને તેમાંથી આજે ખાનગી બાતમી ના અધારે ૪ જેટલા લોકોની ધરપકડ કરવામાં એલ.સી. બી.ની ટીમ ને સફળતા મળી હતી

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર ચોરી થયેલ ટ્રક નો ચાલક અને કલીનર રોલવાસા દમણ થી માલ ભરી વાયા મોડાસા થઈ ફરીદાબાદ જતા હતા તે દરમ્યાન મોડાસા બાયપાસ નજીક અજાણ્યા ટ્રક માં આવેલ નવેક જેટલા અજાણ્યા માણસો ૨૫ થી ૩૦ વર્ષ જેટલી ઉમર ના હતા તેઓ એ કોપર ભરી ને જતી ટ્રક ની ઓવરટેક કરી ટ્રેલરો ઉભી રખાવી હતી ડ્રાઈવર કંડકટર ને મારમારી પીસ્તોલ જેવુ હથીયાર બતાવી ડરાવી મોઢે તથા હાથે પગે બાંધી દઈ ટ્રક માં ગોંધી રાખી બન્ને કોપર ભરેલી ટ્રેલરો ની લુટ કરી તથા બન્ને ટ્રેલર ના ડ્રાઈવરો અને કંડકટરો નુ અપહરણ કરી લઈ ગયા હતા જે અુગે મોડાસા ટાઉન માં તે સમયે ગુન્હદ નોધાયો હતો.

તે વખતે તે ગુન્હા ની શરૂઆત ની તપાસ મોડાસા ટાઉન પી.એસ.આઈ નાઓ એ કરેલી અને તે ગુન્હા માં લુટ માં ગયો તમામ કોપર ના રોડ તેમજ ટ્રેલર મળી કુલ રૂપીયા ૨,૯૫,૭૫,૦૦૦ નો મુદામાલ રીકવર થયો હતો પરતુ તે વખતે આરોપીઓ ના નામ અને સરનામા મળી આવ્યા ન હતા ત્યારે આ ગંભીર ગુનો વણ ઉકેલ્યો રહયો હતો. ત્યારે આ ગુનાની તપાસ ગાંધીનગર રેન્જ ના ડી.આઈ.જી.પી રાજીવ રંજન ભગત અને જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ની સુચના થી અરવલ્લી જીલ્લા એલ.સી.બી.ટીમ ને સોપવામાં આવતા અરવલલી જીલ્લા એલ.સી.બી.પી.આઈ પી.કેપટેલે તેમની કોઠાસૂઝ થી પોતાના ખાનગી બાતમી દારો ને આભારે અને અલગ અલગ રાજય માં આવા ગુનાહીત કામ માં પકડાયેલા લોકો ની તપાસ કરાવીસ કડી મેળવી હતી

ત્યારે આ આરોપીઓ વીરૂધ્ધ અલગ અલગ ત્રણ રાજયો માં પણ ગંભીર ગુના માં સંડોવાયેલા છે

ત્યારે ગુડગાવ હરીયાણા ના સોહના પોલીસ સ્ટેશન માં આ આરોપીઓ વીરૂધ્ધ ખુન ની કોશીસ તથા ધાડ ની ત્યારી તેમજ ગેરકાયદેસર અગ્નિશસ્ત્ર સાથે હુમલો કરવા બાતેની ફરીયાદ નોધાયેલ હતી અને તેમાં અટક કરેલ આરોપી પૈકી આરોપી અનીશ ઉર્ફે છોટુ કુરેશી એ તેના નીવેદન માં પોતે અન્ય સાગરીતો મળી મોડાસા ખાતે કરેલી ચોરી ના ગુન્હા ની કબુલાત કરી હતી

જયારે આ આરોપીઓ નો ગુનારહીત ઈતીહાસ જોતા અગાઉ મધ્યપ્રદેશ ના મંદસોર ખાતે તેમજ ધાર જીલ્લા ખાતે નવીન મહીન્દ્રા કાર ભરેલ કન્ટેનર ની લુટ તથા પોલીસ ઉપર ફાયરીંગ કરી હુમલો કરવા અંગેના બે ગુન્હા માં પકડાયેલ હતા તેમજ કાલોલ પોલીસ સ્ટેશન ખાતે થી આજ થી પોણા બે વર્ષે અગાઉ કોપર ના ૨૭ ટન રોલ ભરેલ ટ્રેલર તેમજ મોબાઈલ ફોન તથા રોકડા નાણા કુલ મળી ૯૦ લાખ રૂપીયાની ચોરી કરેલ છે. તેમજ મોડાસા માં કરેલ ચોરી બાદ એકાદ માસ બાદ આગ્રા માં ટેલર ની લુટ કરી હતી આ તપાસ દરમ્યાન ગુનહાનો મુખ્ય સુત્રધાર ઈસ્લામુદ્દીન સદીક મેવ રહે.પુનહાણા હરીયાણા નો હોવાનુ જાણવા મળેલ છે. અને હાલ તેને પકડવાની તજવીજ ચાલુ છે. તેમજ પકડાયેલ આરોપીઓના કોર્ટ માં થી રીમાન્ડ માંગી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : સમીર બલોચ, જય અમીન મોડાસા)

પકડાયેલ આરોપીઓના નામ

(૧) અનીશ ઉર્ફે છોટુ બાબુદ્દીન કુરેશી (રહે.દોતાના તા.છાતા જી.મથુરા)
(૨) બબલુ ઈદુ કુરેશી (રહે.દોતાના તા.છાતા જી.મથુરા)
(૩) મુબીજ ફજરુ મેવ (રહે. આલીમેવ થાણા જી.પલ્લવ)
(૪) હનીફ બાબુદ્દીન કુરેશી (રહે.દોતાના તા.છાતા જી.મથુરા)

આ ગેંગ દ્વારા જુદા જુદા રાજ્યમાં આચરાયેલા ગુના

આ ગેંગ દ્વારા મધ્યપ્રદેશ હરીયાણા અને ગુજરાત એમ કુલ ત્રણ રાજયોમાં ખુબ જ ગંભીર ગુનાઓ માં સંડોવાયેલી છે. જેમાં પોલીસ પર ફાયરીંગ કરી હુમલો કરવાનો પણ ગુન્હો સામીલ છે. તેમજ આ ગેંગને પકડવા જીલ્લા એલ.સી.બી. પી.આઈ. પી. કે. પટેલે તેમની કોઠા સુઝથી ખાનગી બાતમી અને અન્ય રાજ્યોમાં ગુનેગારોને ગુનાહીત ઈતીહાસની તપાસ કરી આ આરોપીઓની ઓળખાણ કરી ધરપકડ કરી હતી.

આજે ખેડબ્રહ્મા ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાશે

ખેડબ્રહ્મા, તા. ૧૮

રાજય સરકારના -જાકીય હેતુલક્ષી અભિગમ મુજબ ગરીબોને યોજનાકીય સહાય હાથો હાથ મળી રહે તે આશયથી આજે તા. ૧૯/૦૯/૨૦૧૪ શુક્રવારના સવારના ૧૦ કલાકે જિલ્લાના -ભારી અને રાજય ગૃહ મંત્રીની ઉપસ્થિતિમાં ખેડબ્રહ્માના માતાજીકંપાની કચ્છી સમાજવાડી ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાશે.

રાજયમાં એક સાથે જિલ્લાના વિવિધ સ્થળે ગરીબ કલ્યાણ મેળા યોજાવાના છે. જે અંતર્ગત સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતેથી -ંતકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો જિલ્લાના -ભારી અને રાજયના ગૃહ મંત્રી રજનીકાન્ત પટેલ તથા અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં યોજાશે.

આ ગરીબ કલ્યાણ મેળામાં આ મેળામાં કૃષિ, આરોગ્ય, શિક્ષણ અને અન્ય યોજનાકીય સહાયના ખેડબ્રહમા અને પોશીના તાલુકાના ૨૩૭૪ લાભાર્થીઓને રૂ. ૧૭૯.૪૭ લાખની જયારે વિજયનગર તાલુકાના ૧૯૪૫ લાભાર્થીઓને રૂ. ૧૩૫.૧૦ લાખની સહાય મળી ખેડબ્રહ્મા -ંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૪૩૧૯ લાભાર્થીઓને રૂ. ૩૧૪.૫૭ લાખની સહાય અર્પણ કરવામાં આવશે.

ખેડબ્રહ્માના માતાજી કંપા, કચ્છી સમાજવાડી ખાતે, તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૪ સવારના ૧૦ કલાકે યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં રાજય અનુસૂચિત આર્થિક વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, રાજય ગુજરાત કૃષિ વિકાસ બોર્ડના ચેરમેન રમણલાલ પટેલ અતિથિ વિશેષ તથા કલેકટર બંછાનિધિ પાની અને જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે એમ તાલુકા વિકાસ અધિકારીની કચેરી, ખેડબ્રહ્માની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

(તસવીર : જીતુ ત્રિવેદી, ભિલોડા)

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રાજ્ય કક્ષાની ૨૭બી ફુટબોલ સ્પર્ધામાં એન.આર.એ.વિદ્યાલય,ભિલોડાની ટીમ ચેમ્પીયન બનેલ છે.યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તીઓ અધિકારી કચેરી ગાંધીનગર તેમજ જીલ્લા રમતગમત અધિકારી કચેરી અરવલ્લી ધ્વારા આયોજીત રાજ્ય શાળાકીય ૨૭બી ફુટબોલ સ્પર્ધા યોજાઈ હતી.આ ફુટબોલ સ્પર્ધામાં ભાઈઓ-બહેનોની ૩૧ ટીમોએ ભાગ લીધો હતો.ગુજરાત રાજ્યની ૨૭બી ફુટબોલ ભાઈઓની સ્પર્ધામાં સુરતની ગ્રામ્ય ટીમને હરાવી એન.આર.એ.વિદ્યાલય ભિલોડાની ટીમ રાજ્યમાં ચેમ્પીયન બની હતી.વ્યાયામ શિક્ષક મુકેશભાઈ સી.ત્રિવેદીએ જણાવ્યું હતું કે ચાલું વર્ષે વિવિધ સ્પર્ધાઓમાં સંસ્થાના ૧૧૨ ખેલાડીઓ રાજ્ય કક્ષા માટે પસંદગી પામ્યા છે.જ્યારે ૧૦ ખેલાડીઓ નેશનલ સ્પર્ધા માટે પસંદ થયા છે.સંસ્થાને રમત-ગમત ક્ષેત્રે ગૌરવ અપાવવા બદલ વ્યાયામ શિક્ષક મુકેશભાઈ ત્રિવેદી,કોચ સંજયભાઈ ચૌધરી,યોગેશભાઈ પટેલને શાળાના આચાર્ય વી.ટી.ચૌહાણ,આર.એસ.પટેલ,ભિલોડા જન સેવા સંઘ મંડળ વતી કમલેશભાઈ મહેતા અને સંસ્થા પરીવારે ખેલાડી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

કણાદર ગામના આધેડ હાથમતી નદીમાં તણાયા : મૃતદેહ મળતાં પરીવારજનોનું હૈયાફાટ રૂદન

ભિલોડા,તા.૧૮

વિજયનગર તાલુકાના કણાદર ગામના આધેડ હાથમતી નદીમાં આવેલા વરસાદી પાણીના ઘોડાપુર તણાયા હતા. શંકરપુરા ગામ પાસેથી પસાર થતી હાથમતી નદીના કિનારા ઉપરથી મૃતદેહ મળતાં પરીવારજનોનું હૈયાફાટ રૂદન કરતા હતા.ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ કણાદર ગામના પુજાભાઈ કાનજીભાઈ ભગોરા કુંડોલ વનવિભાગની ઓફીસમાં વોચમેન તરીકે ફરજ બજાવતા હતા. વનવિભાગની મીટીંગ પુર્ણ કર્યા બાદ કણાદર તેમના ઘર તરફ બાઈક ઉપર જઈ રહ્યા ત્યારે હાથમતી નદીમાં આવેલા વરસાદી પાણીના ઘોડાપુરમાં બાઈક સાથે તણાયા હતા.કણાદર ગામના વયોવૃધ્ધ પુજાભાઈ કાનજીભાઈ ભગોરા ઉંમર વર્ષ.૫૫ છે. જેમનો મૃતદેહ શંકરપુરા ગામ પાસે હાથમતી નદીના કિનારા પાસેથી મળી આવતા ભિલોડા પોલીસે કોટેજ હોસ્પિટલમાં મૃતદેહનું પી.એમ. કરાવી મૃતદેહ પરીવારજનોને સોંપતા પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ભિલોડા પોલીસે સી.આર. પી. સી.૧૭૪ મુજબ એ.ડી.દાખલ કરેલ છે.

ધી રીંછવાડ ગ્રુપ સેવા સહકારી મંડળીના સેક્રેટરી દ્વારા વ્યાજબી ભાવની દુકાનમાં ૧.૭૭ લાખની ઉચાપત કરવામાં આવતા પરવાનો મોકુફ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના રીંછવાડ ગામની સેવા સહકારી મંડળીમાં સેક્રેટરી દ્વારા છેલ્લા કેટલાય સમયથી પુરવઠાનો જથ્થો બારોબાર સગેવગે કરી દેવામાં આવતો હતો. જેને ગામ લોકોએ પકડી પાડી હોબાળો મચાવ્યો.

માલપુર તાલુકાની ધી રીંછવાડ ગ્રુપ સેવા સહકારી મંડળીના સેક્રેટરી દ્વારા વ્યાજબી ભાવની દુકાનમાંથી રીક્ષામાં ભરીને ૧.૭૭ લાખનો ઘઉંનો જથ્થો સગેવગે કરવા જતા રંગેહાથે ઝડપાઈ જવાના પ્રકરણમાં જિલ્લા પુરવઠા અધિકારીએ તાત્કાલિક અસરથી પરવાનો મોકૂફ કરી દિધો છે. માલપુરની ધી રીંછવાડ ગ્રુપ સેવા સહકારી મંડળી દ્વારા વ્યાજબી ભાવની દુકાન ચાલે છે. ગત તા. ૨૯-૮-૨૦૧૪ ના રોજ ગામલોકોએ વોચ ગોઠવી એક રીક્ષા નંબર જીજે-૯-ઝેડ-૮૦૫૨ ને શકના આધારે તલાશી લેતા નાયબ પુરવઠા મામલદાર ડી.વી. પરમારે પાંચ ક્વીન્ટલ ઘઉં તથા ૧૦ બારદાનના કટ્ટા તથા અતુલ કંપનીનો રીક્ષા મળી કુલ ૧.૭૭૬૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને આ જથ્થો રીંછવાડ સહકારી મંડળીનો માલુમ પડતા મંડળીના સેક્રેટરી જેલાભાઈ કોહ્યાભાઈ પટેલ દોષિત જણાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને દુકાનનો પરવાનો જિલ્લા પુરવઠા અધિકારીએ તાત્કાલિક અસરથી મોકુફ કરી દિધો છે. આમ સેક્રેટરી દ્વારા સહકારી જથ્થાનો માલ સામાન બારોબહાર સગેવગે કરી કૌભાંડ આચરવામાં આવતા વધુ પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : સમીર બલોચ, જય અમીન મોડાસા)

ઈડર ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૧૮

ઈડરની કે.એમ.પટેલ હાઈસ્કૂલ ખાતે સાબરકાંઠા જિલ્લા -ભારી અને ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલના અધ્યક્ષ સ્થાને લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે. તા. ૧ ઓકટોબર ૨૦૧૪ બુધવારના સવારે ૧૦ કલાકના રોજ ઈડરની કે.એમ.પટેલ હાઈસ્કૂલ ખાતે -ભારી મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાનાર લોક દરબારમાં વારસાઈ સંબધને લગતા -શ્નો, ફેરફાર નોંધો, વિધવા સહાય, વૃધ્ધ સહાય, નિરાધાર અપંગ સહાય, રેશનકાર્ડ, જાતિ-આવકના દાખલા સહિતના -શ્નોનું નિરાકરણ કરવામાં આવશે.

અરજદાર બે -શ્નોની રજૂઆત કરી શકશે. અરજીના મથાળે લોક સંવાદ સેતુ (લોક દરબાર)નો -શ્ન લખવાનો રહેશે. નાગરીકોના પોતાના -શ્નો મામલતદાર ઈડરની કચેરી (ટેલી નં- ૦૨૭૭૮-૨૫૦૦૦૩, ફેક્સ નં- ૨૫૦૧૦૦) ખાતે તા. ૨૫/૦૯/૨૦૧૪ સુધીમાં લેખીતમાં કચેરી સમય દરમ્યાન રજૂ કરવા જણાવાયું છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા હરિઓમ હાઈસ્કૂલ પાસે રોડની હાલત બદતર

ડીસા શહેરમાં વરસાદથી શહેરના રસ્તાઓ એકદમ ખરાબ થઈ ગયા છે. અનેક જગ્યાએ પાણીમાં ખાબોચીયા હજી સુધી ભરાયેલા છે. તેમ છતાં ડીસા નગરપાલિકાના સત્તાધીશોને કોઈ ચિંતા નથી. વળી ડીસા શહેરમાં એ.સી.ડબલ્યું. હાઈસ્કૂલથી પાટણ ચાર રસ્તાનો રોડ બિલકુલ ખરાબ હોવા છતાં આ રોડ પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. નગરપાલિકા તંત્ર દ્વારા આ રોડ ઉપર મોટા મોટા રોડા તેમજ મોલ નાંખેલ છે. જેનાથી વાહન ચાલકોના ટાયર તેમજ ગાડીઓને નુકશાન થાય છે અને આ રસ્તાઓ ઉપર શાળાઓ આવેલ છે. જેનાથી વિદ્યાર્થીઓને પણ ચાલવું મુશ્કેલ બને છે. રોડ પર ગાયોનો પણ મોટો ત્રાસ છે. તેમ છતાં તંત્ર ચુપ છે. આ રોડની ભયંકર દુદર્શા છેલ્લા ઘણા વર્ષોથી માથાના દુઃખાવા સમાન બની રહી છે. વારંવાર તંત્રનું ધ્યાન દોરવાના પ્રયાસો થયા છે. હાલમાં અહીની હાલત કોઈ અંતરીયાળ ગામના માર્ગ કરતા પણ બદતર છે. અને અહીંથી પસાર થવું ખતરો પુરવાર થઈ રહ્યું છે. ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે રસ્તાની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

હિંમતનગર ખાતે 'સ્વચ્છ સાબરકાંઠા' રંગતાળી નવરાત્રી મહોત્સવ યોજાશે

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલલા વહિવટીતંત્ર ધ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત ચાલુ વર્ષે સ્વચ્છ સાબરકાંઠા- સ્વસ્થ સાબરકાંઠા રંગતાળી નવરાત્રી મહોત્સવ ૨૦૧૪ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ હિંમતનગર ખાતે તા. ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૪થી તા. ૨ ઓકટોબર ૧૪ સુધી આ મહોત્સવનું આયોજન કરાયું હોવાનું જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું છે.

આજે હિંમતનગર ખાતે આ મહોત્સવના આયોજન અંગે મળેલી બેઠકમાં જિલ્લા સમાહર્તાએ જણાવ્યું હતું કે, આ નવરાત્રી મહોત્સવમાં સખી મંડળો ધ્વારા પરંપરાગત નવરાત્રી પોશાક અને શણગારના લગભગ ૧૫થી વધુ સ્ટોલ હિંમતનગરની જિલ્લા પુસ્તકાલયની પાસે, ટાવર ચોકની નજીક તા. ૨૧મીથી ૨૮ સુધી ગોઠવાશે અને ત્યારબાદ આ સ્ટોલ તા. ૨૯થી ૨ ઓક્ટોબર ૧૪ સુધી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગોઠવાશે. આ મહોત્સવમાં વિવિધ ખાણીપીણી ખાસ સ્ટોલ ઉભા કરાશે. તથા દરોજજ અલગ અલગ ખ્યાતનામ કલાકારોને ખાસ આમંત્રિત કરાશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦